# જીવન સાધનાના સોનેરી સૂત્રો



– શ્રીરામ શર્મા આચાર્ય

# જીવન સાધનાના સોનેરી સૂત્રો

લેખક

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

પ્રાપ્તિ સ્થાન

યુગ નિર્માણ યોજના, મથુરા

શાખા : અમદાવાદ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

ફોન : (079) 2755[illegible]

ગાયત્રી શક્તિપીઠ "શાંતિકુંજ"

અમરાઇવાડી, અમદાવાદ. ફોન 22970[illegible]47

૨૦૦૭

કિં : રૂા. ૪-૦૦

# સુધરીએ અને સંભાળીએ તો કાર્ય ચાલે

પ્રકૃતિ તંદુરસ્ત બાળકની જેમ હંમેશા પોતાની તોફાન મસ્તીમાં મશગુલ રહે છે. પંચતત્ત્વ સમાન ધૂળરેતીને ભેગી કરવી, શણગારવી ઓછીવત્તી કરવી, કે બગાડવી બસ આજ તેની રમતની મસ્તીનું કેન્દ્રબિન્દુ હોય છે. જાદુગરનો ખેલ જોવામાં પોતાની સુઝબુઝ ખોઈ નાખનાર મોજીલા દર્શકોની માફક લોકો તેની જાદુની કરામતને જોવા માટે એકઠા થઈ જાય છે. જાદુની કમાલ તેને એવી પસંદ પડે છે કે ક્યાં જવું હતું ? શું કરવું હતું ? જેવાં તથ્યોને ભૂલી જાય છે અને હવાઈ કલ્પનાઓમાં ઉડવા કે તરવા લાગે છે. આ છલ જાદુવિદ્યામાં મન પણ મદદગાર બને છે એ તે રડવા તેમજ હસવા પણ લાગી જાય છે.

આ છે કુદરતનો જાદુ, જેમાં સમસ્ત પ્રજા અનેક રીતે અટવાય છે, ઉદ્વિગ્ન બને છે અને તેનાથી પીડાતી દેખાય છે. કયારેક કયારેક તો તે સિનેમાના પડદાથી પણ પ્રભાવિત થઈને ચિત્રવિચિત્ર અનુભૂતિઓમાં એકાકાર થઈ ગયેલા દેખાય છે. જો કે આ બધો જ જાદુ કેમેરાનાં પ્રોજેટરનો, અભિનેત્રી-અભિનેતા તેમજ ડાયરેકટરની રચેલી માયાજાળથી ભરેલો હોય છે. પરંતુ દર્શક તો દર્શક રહે છે, જેને પડદા પર પડેલી છબી પણ વાસ્તવિક દેખાય છે અને તેને જોઈને રડતાં-હસતાં, તિરસ્કાર વ્યકત કરતાં અને આવેશમાં આવેલા પણ જોઈ શકાય છે. આ જાદુ વિચિત્ર છે જેમાં સમજદાર કહી શકાય તેવા મનુષ્યોને પણ પોતાની સાથે અનેક રીતે જકડી રાખે છે.

આ દિવાસ્વપ્નની માયાજાળની સાચી ખબર ત્યારે જ પડે છે જ્યારે વાસ્તવિકતા સમજાય, નશો ઉતરતો હોય અને ભગવાનનાં દરબારમાં પહોંચીને સોંપાયેલ કાર્યનાં સંબંધમાં પૂછપરછનો વારો આવે. તેના પહેલાં એ ખબર પણ નથી પડતી કે કેટલું અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકીને મગજ ચલાવતા ગયા અને તે ચાલતું રહ્યું, જેને કરવા માટે પાગલો સિવાય બીજું કોઈ જવલ્લે તૈયાર થઈ શકે છે.

# મૂંઝાવાનો નહીં, મૂંઝવણમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરીએ

આજ તે ભૂલભૂલામણીમાં ભટકાવવાનું છે જેને તત્ત્વજ્ઞાનની માયાજાળ કહે છે અને તેમાંથી બચવાની ચેતવણી આપે છે. પરંતુ કમનસીબીને શું કહેવું જે મુર્ખાઈ છોડીને અક્કલને ચલાવવાની સમજને ઉગવા કે બહાર આવવાજ નથી દેતું ? દેવદુર્લભ જીવનની આજ દુઃખભરી બરબાદીની પૂર્વભૂમિકા છે. ખરેખર આશ્ચર્ય તે જ છે કે શિક્ષિત કે અશિક્ષિત, સમજદાર, મુર્ખ, સર્વે આંધળા ઘેટાંની માફક એકની પાછળ એક ચાલીને ઊંડી ખાઈમાં પડી જાય છે અને દુર્ઘટનાભરી સ્થિતિમાં દુઃખી થતાં પોતાનો છેલ્લો શ્વાસ છોડે છે.

હવે આવો, થોડી સમજણ લાવીએ, સાથે સમજદારોની માફક વિચાર કરવાનું શરુ કરીએ. મનુષ્યજીવન સૃષ્ટિના રચનારની બહુમોટી થાપણ છે. જે ખુદને સંસ્કારી તેમજ બીજાને ઉન્નત કરવાના બંને પ્રયોજનો માટે સોંપેલું છે. તેનાં માટે પોતાની યોજના અલગ બનાવવી પડશે અને પોતાની દુનિયા જુદી જ વસાવવી પડશે. કરોળિયો પોતાની જાળ સ્વયં બનાવે છે. તેને ક્યારેક ક્યારેક પોતે જ બંધન સમજીને કલ્પાંત કરી રડી લે છે. પરંતુ જ્યારે પણ મૂળવસ્તુને સમજે છે ત્યારે પોતાની સમગ્ર જાળ સમેટીને તેને ભેગીકરી લઈ પોતે જ ખાઈ જાય છે. તે ત્યારે અનુભવ કરે છે કે બધા જ બંધનો કપાઈ ગયા અને જે સ્થિતિમાં અનેક પ્રકારની વ્યથા-વેદના સહન કરવી પડતી હતી, તે હંમેશને માટે સમાપ્ત થઈ ગઈ.

બસ તેને જ મળતું બીજું તથ્ય એ છે કે દરેક મનુષ્ય પોતાના માટે પોતાના સ્તરની દુનિયા પોતે જાતે જ બનાવે છે. તે જ ઘરમા તે પોતાની આખી જિંદગી પસાર કરે છે. તેમાં કોઈ બીજાનો કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ નથી હોતો. દુનિયાની મુશ્કેલી અને સગવડતા તો તડકા છાંયડાની માફક આવે છે અને જતી રહે છે. તેની અવગણના કરીને કોઈપણ મુસાફર

પોતાના ઈચ્છિત રસ્તા પર હંમેશાં ચાલતો જ રહી શકે છે. કોઈનામાં પણ એટલી હિંમત નથી હોતી, જે આગળ વધનારના પગમાં બંધન નાખી શકે. ખરાબ અથવા સારા કહેવાતા આશ્ચર્યકારક કામ કરી જનારમાંથી દરેકની કથાવાર્તા આ પ્રમાણેની જ હોય છે. જેમાં પ્રતિકૂળ પરિસ્થિતિઓનાં જીણા આવરણને દૂર કર્યા અને તેને જે ગમતું હોય તે કરી ગયા. મનુષ્ય તે જ ધાતુનો બન્યો છે કે જેની સંકલ્પભરેલી સાહસિકતાની આગળ ક્યારેક કોઈ અવરોધ ટકી શક્યો નથી અને ટકશે પણ નહીં. આ રીતમાં સંપૂર્ણપણે સાર્થકતા છે કે "મનુષ્ય પોતાના ભાગ્યનો પોતે જ નિર્માતા છે." તે જ પોતાની જાતે પડવા માટે ખાડો ખોદે છે અને ઈચ્છે તો આગળ આવવા માટે સમતલ સીડીઓવાળો મીનારો પણ ચણી શકે છે.

પોતાને ગરીબ-તુચ્છ, દયામણો, ગરીબ, અણઘડ, દુર્ભાગી, મુર્ખ સમજવાવાળાને ખરેખર આ જ અનુભવ થાય છે કે તે ખરાબ પરિસ્થિતિઓથી જકડાયેલો છે; પરંતુ જેની માન્યતા એવી છે કે જાગીને મહાનતાની મંઝિલ સુધી પહોંચવાની શક્તિ ધરાવે છે તેઓ પ્રતિકૂલતાઓને અનુકૂળતાઓમાં બદલી નાખવા માટે પણ શક્તિમાન છે. ઉપર આવવામાં મદદ કરવાનુ શ્રેય કોઈપણને પણ આપી શકાય છે અને પડવાનું દોષારોપણ પણ કોઈ પર કરી શકાય છે; પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે જો પોતાના જ વ્યક્તિત્વ અને કતૃત્વને ઉપર ઉઠાવવામાં કે નીચે પાડવામાં જવાબદારી ગણવામાં આવે તો આ માન્યતા બધા જ કરતા વધારે યોગ્ય છે.

વિતેલી પરિસ્થિતિમાં રહેવાવાળાની સ્થિતિ પર દુ:ખી થઈ શકીએ તો તે અયોગ્ય નથી, તેની મદદ કરવી પણ માનવતાનું કર્તવ્ય છે. પરંતુ આ આપણે ભૂલવું ન જોઈએ કે જ્યારે ત્યારે કોઈક અસહાય કહેવાય તેવા મનોબળને ન વધારીએ, તેનામાં પ્રયત્નપૂર્વક આગળ વધવાનો સંકલ્પ ન વિકસાવીએ ત્યારે તે ઉપરથી લાદી ગયેલી સહાયતા કોઈ કાયમી પરિણામ લાવી શકતી નથી. ઉત્કંઠાનું ચુંબકત્વ પોતાની જાતે જ એટલું શક્તિશાળી હોય છે કે તેના સહારે નિશ્ચિતરૂપથી પ્રગતિનો રાહ નક્કી કરી શકાય છે. આ કહેવતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે, "ઈશ્વર

ફક્ત તેને જ મદદ કરે છે કે જે પોતે જ પોતાની મદદ કરે છે." દીન-દુર્બલોને તો પ્રકૃતિ પણ પોતાની જાતે જ ઉપેક્ષાપૂર્વક મોતની તરફ ધકેલી દે છે અને તેમનાં અસ્વીકાર કરીને પોતાના રસ્તા પર પસાર થતી જુએ છે. શાસ્ત્રકારો અને હિતેચ્છુઓએ આજ તથ્યનું ડગલેને પગલે પ્રતિપાદન કરેલું છે.

વેદાન્તવિજ્ઞાનનાં ચાર મહત્ત્વપૂર્ણ સૂત્રો છે- "तत्त्वंमसि", "अयमात्मा ब्रह्म", "प्रज्ञानं ब्रह्म", "सोऽहम्" । આ ચારેયનો એક જ અર્થ છે કે પરિષ્કૃત જીવ જીવાત્મા જ પરમબ્રહ્મ છે. હીરો બીજુ કશું નથી, કોલસાનું જ પરિકૃષ્ત સ્વરૂપ છે. વરાળથી બનાવેલું પાણી જ જંતુરહિત (ડિસ્ટિલ્ડ વૉટર) છે, જેની શુદ્ધતા પર વિશ્વાસ કરીને તેમાંથી ઈન્જેશકશન જેવા જોખમભર્યા કાર્યમાં વાપરી શકાય છે. મનુષ્ય બીજું કશું નથી, માત્ર ભટકતા દેવતા છે. જો તે પોતાના ઉપર ચડેલા ગંદા આવરણને અને વિક્ષેપને, કષાયકલ્મષોને ઉતારીને ફેંકી દે તો તેનું મનભાવન અત્યંત સૌંદર્ય પ્રગટે છે. ગાંધી અને અષ્ટાવક્રની દેખાતી કુરુપતા તેમના આકર્ષણ, પ્રતિભા, પ્રમાણિકતા અને પ્રભાવની મહાનતામાં જરાપણ અસરકર્તા નથી. જ્યારે મનુષ્યના અંતઃકરણનું સૌંદર્ય દેખાય છે, તો બહારના સૌંદર્યની ઓછપનું કશું મહત્ત્વ રહેતું નથી.

ગીતાકારે આ તથ્યનું અનેકવાર અનુમોદન કર્યું છે. તેઓ કહે છે-"મનુષ્ય પોતે જ પોતાનો શત્રુ છે અને પોતે જ પોતાનો મિત્ર છે." મન જ બંધન અને મોક્ષનું એક માત્ર કારણ છે. "પોતે જ પોતાને ઉંચે લાવે અને પોતે જ પોતાને નીચે નહીં લઈ જાય." આ અભિવચનોમાં અલંકાર જેવું કશું નથી. પ્રતિપાદનમાં શરૂઆતથી અંત સુધી સત્ય જ સત્ય ભરેલું છે. એક આપ્તપુરુષનું કથન છે-"મનુષ્યની એક મુઠ્ઠીમાં સ્વર્ગ અને બીજીમાં નર્ક છે. તે પોતાના માટે આ બંનેમાંથી કોઈને પણ ખોલી શકવામાં સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે.

# તેને જડમાં નહીં ચેતનમાં શોધો

સમજીએ છીએ કે વિધાતા જ એક માત્ર નિર્માતા છે. ઈશ્વરની ઈચ્છા વગર પાંદડું પણ હાલતું નથી. બંને નિવેદનોથી ભ્રમિત ન થવું હોય તો તેની સાથે જ એટલું વધુ જોડવું જોઈએ કે તે વિધાતા અથવા ઈશ્વરથી મળવા અને નિવેદન કરવાનું સૌથી નજીકનું સ્થાન પોતાનું જ અંતઃકરણ જ છે. આમ તો ઈશ્વર સર્વવ્યાપી છે અને તેને ક્યાંય પણ રહેલો માની કે જોઈ શકાય છે. પરંતુ તે દૂર છે તેમ વિચારીને દોડાદોડથી બચવું હોય અને કસ્તૂરીમૃગની માફક વ્યર્થ ન દોડવું હોય તો પોતાનું જ અંતઃકરણ જગાડવું જોઈએ. તેના પડદાની પાછળ બેઠેલા પરમાત્માને ધરાઈને જોવાની, હૃદય ખોલીને મળવાની અને ભેટવાની ઈચ્છા સહજ જ પૂરી કરી લેવી જોઈએ. ભાવુકતામાં ભટકાવવાથી અથવા દિવાસ્વપ્નોમાં રાચવાથી કોઈ વાત થઈ શકતી નથી.

ઈશ્વર જડ નથી પરંતુ ચેતન છે. તેને મૂર્તિઓ સુધી મર્યાદિત નથી કરી શક્તા. ચેતના ખરેખર ચેતનાની સાથે જ દૂધપાણીની માફક એકરૂપ બની શકે છે. માનવીનું અંતઃકરણ જ ઈશ્વરનું સૌથી વધુ નજીકનું અને સુનિશ્ચિત સ્થાન થઈ શકે છે. ઈશ્વરદર્શન, સાક્ષાત્કાર, પ્રભુનું સાનિધ્ય જેવી ઉચ્ચ સ્થિતિનો રસાસ્વાદ જેને ખરેખર કરવો છે, તેને બહારની દુનિયાની બાજુથી આંખો બંધ કરીને પોતાના જ આત્મામાં પ્રવેશ કરવો જોઈએ અને જોવું જોઈએ કે જેને મેળવવા અને જોવા માટે અત્યંત દુઃખદાયક અને શ્રમદાયક પ્રયત્ન કરી રહ્યા હતા, તે તો અત્યંત નિકટવર્તી જ સ્થાન પર વિરાજમાન થયેલા દેખાય છે. સરલતાને મુશ્કેલ બનાવીને રાખી લેવી અને શીર્ષાસન કરવું તે પણ મનુષ્યની ઈચ્છા અને પ્રયત્ન પર આધારિત છે. આત્મામાં રહેવાવાળો પરમેશ્વર જ ખરેખર તે ક્ષમતાથી પ્રાપ્ય છે, જેનાથી ઈચ્છીત વરદાન મેળવવું અને ન્યાલ બની જવું શક્ય બની શકે છે. બહારના લોકો અથવા દેવતા, અથવા અંદરની સ્થિતિ જ ચેતનાનું સ્મરણ કરાવી શકે છે અથવા કોઈ પ્રકારે મન

આનંદિત કરવાનું માધ્યમ બની શકે છે.

મંદિર બનાવવા માટે અત્યંત વ્યાકુલ ભક્તજને કોઈ સાધુસંતને મંદિરની રૂપરેખા બનાવવા માટે અનુરોધ કર્યો. તેઓએ અત્યંત ગંભીરતાથી કહ્યું, "ઈમારત તમારી ઈચ્છા મુજબ કારીગરોની સલાહથી ખર્ચના અંદાજ પ્રમાણે બનાવી લો, પરંતુ એક વાત મારી માનો, તેમાં મૂર્તિના સ્થાન ઉપર એક વિશાળ અરીસો રખાવજો; જેથી તેમાં પોતાની છબી જોઈને દર્શકોને એ વાતની વાસ્તવિકતાનું જ્ઞાન થાય કે ઈશ્વરનો નિવાસ તેના માટે વિશેષ રૂપે બનેલી આ વિશાળ કાયાની અંદર બિરાજમાન છે. અથવા એ એમ સમજે કે આત્મસત્તાને જો પરિષ્કૃત કરીએ તો તે પરમાત્માની સત્તામાં વિકસી શકે છે. એટલું જ નહી પરંતુ તે ઉત્કૃષ્ટ આત્મસત્તા, પાત્રતાને અનુરૂપ દિવ્ય વરદાનોની સતત વર્ષા પણ કરતી રહી શકે છે.

ભક્તને કંઈકને કંઈક બનાવવાવાળી સસ્તી ભાવુકતાથી છૂટકારો મળ્યો. તેણે એક મોટો હોલ બનાવીને સાચે જ એક સ્થાન પર એક મોટો અરીસો ગોઠવી દીધો. જેને જોઈને દર્શક પોતાની અંદર રહેલા ભગવાનને જોઈને તેને શણગારવાનો અને વિકસાવવાનો પ્રયત્ન કરી શકે.

મનોવિજ્ઞાની કહે છે કે મનની સ્થિતિ જ પરિસ્થિતિઓની જનેતા છે. મનુષ્ય જેવું વિચારે છે. તેવું જ આચરે છે, એટલે કે તે તેવો જ બની જાય છે. કરેલ સારા-ખરાબ કાર્યો જ સંકટ તેમજ સૌભાગ્ય બનીને સામે આવે છે, તેની ઉપર રડવા હસવાનો સંજોગ આવી જાય છે. એટલા માટે પરિસ્થિતિઓની અનુકૂળતા અને બહારની સહાયતા મેળવવા માટેની દોડધામમાં ફરવાની અપેક્ષા આ હજાર દરજ્જે સારું છે કે ભાવના, માન્યતા, આકાંક્ષા, વિચારણા અને ગતિ વિધિઓને પરિષ્કૃત કરવી જોઈએ. નવું સાહસ જોડીને નવો કાર્યક્રમ બનાવીને પ્રયત્નશીલ થઈ જવાય અને પોતે વાવેલાને લણવા માટેના સુનિશ્ચિત તથ્ય પર વિશ્વાસ

કરવામાં આવે ભટકયા સિવાયનો આ એક સુનિશ્ચિત માર્ગ છે.

અધ્યાત્મવેત્તા પણ અનેક પ્રકારે આ પ્રતિપાદન પર તર્ક, તથ્ય, પ્રમાણ, અને ઉદાહરણ પ્રસ્તુત કરે છે કે મનુષ્ય પોતના સ્વરૂપને, સત્તા તેમજ મહત્તાને, લક્ષ્ય તેમજ માર્ગને ભૂલીને જ આવનાર દિવસોમાં અસંખ્ય વિપત્તિઓમાં ફસાય છે. જો પોતાને સુધારી લે તો પોતાનું સુધારેલું પ્રતિબિંબ વ્યક્તિઓ તેમજ પરિસ્થિતિઓમાં સુંદર ચમકતું દેખાઈ આવશે. આ સંસારરૂપી ઘુંમટની જેમ પોતાના જ ઉચ્ચારણને પ્રતિધ્વનિત કરે છે. પોતાના જેવા જ લોકોને ખૂબ સારી રીતે સાથે જોડે છે અને સારી-ખરાબ અભિરુચિનો વધારેમાં વધારે ઉત્તેજિત કરવામાં સહાયક બને છે. દુષ્ટ-દુર્જનોની સામસમી સ્તરની મંડળીઓ બનાવવા લાગે છે. સાથે જ એટલું તો ચોક્કસ સુનિશ્ચિત છે કે શાણપણ સંપન્નને તેમજ સજ્જનોને ઉચ્ચત્તમ પ્રતિભાઓની સાથે જોડીને મહત્ત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત કરી શકવાનો યોગ્ય લાભ મળે છે.

## નીચતાથી બચીએ-મહાનતા અપનાવીએ

વાદળ બધી જ જગ્યાએ સરખી રીતે વરસે છે, પરંતુ તેનું પાણી એટલી જ માત્રામાં જમા થાય છે જ્યાં જેટલી ઊંડાઈ અથવા તેની યોગ્યતા હોય. વર્ષાની કૃપાથી વ્યાપક ભૂમિમાં હરિળાયી ઉગે છે અને વિકસે છે; પરંતુ રણ અને પહાડોમાં એક તણખલું પણ ઉગેલું જોઈ શકતા નથી, તેમાં વાદળનો પક્ષપાત નથી પરંતુ ભૂમિનો પ્રકાર જ મુખ્યરૂપથી જવાબદાર છે.

ધોલાઈ વગર તેનો રંગ ક્યાં ઉપસે છે ? ગાળ્યા વિના કોણે તેનો આકાર બતાવ્યો ? મળમૂત્રથી ભરેલા બાળકોને માતા ત્યારે જ ગોદમાં ઉઠાવે છે જ્યારે નવડાવી-ધોવડાવીને સ્વચ્છ બનાવે છે. મેલું અને ગંદુ પાણી પીવાના કાર્યમાં ક્યાં આવે છે ? ગંદા અરીસામાં છબિ ક્યાં દેખાય છે ? સળગતા અંગારા પર જો રાખ જામી જાય તો તેની ગરમીનો

અનુભવ થતો નથી કે તેની ચમક દેખાતી નથી. વાદળાથી ઢંકાયેલા ખૂદ સૂર્ય-ચંદ્ર પણ પોતાનો પ્રકાશ ધરતી સુધી પહોંચાડી શકતા નથી. ધુમ્મસ છવાઈ જવાથી દિવસ પણ લગભગ રાત સમાન બની જાય છે અને દૂરની કોઈ વસ્તુ પણ જોઈ શકાતી નથી.

આ બધા જ ઉદાહરણોને જોતા અનુમાન લગાવી શકાય છે કે મનુષ્ય પણ જો લોભરૂપી બેડીઓ, મોહની બેડીઓ અને અહંકારની સાંકળમાં બંધાયેલો રહેશે, તો તેની બધી જ ક્ષમતા નિરૂપયોગી થઈ જવાની. બંધાયેલા મજૂર, દોરડામાં બંધાયેલા પશુની માફક અસહાય અને લાચાર બની રહે છે. તેઓ તેમનું અસલ પરાક્રમ ખોઈ બેસે છે અને તેમનું તે જ રીતે ચાલવા ફરવાનું કાર્ય લાચારીમાં પરિણમે છે, જેવી રીતે કે બાંધવાવાળા તેને ચાલવા માટે બળજબરીથી ધમકાવે છે. કઠપુતલીઓ પોતાની ઈચ્છાનુસાર નથી ઉઠી શકતી કે નથી ચાલી શકતી. માત્ર મદારી જ તેને નચાવે-કુદાવે છે.

સંસ્કારો અને કુરિવાજોનો બેવડો દબાવ જ મનુષ્યના મૌલિક ચિંતનનો સાચો માર્ગ અપનાવવામાં ખૂબ જ અવરોધ બનીને ઊભો રહે છે અને શ્રેષ્ઠતાની દિશામાં સહજ સંભવિત પ્રગતિ ખરાબ રીતે અટકી જાય છે. અંતરાત્મા ઉપર જવા માટે કહે છે અને માથા પર છવાયેલ પ્રવૃત્તિઓનું આકાશ જેટલું વિશાળ તેટલું નર્ક નીચે ને નીચે જવા માટે પ્રેરે છે, પરિણામે મનષ્ય ત્રિશંકુની રીતે હવામાં જ લટકી રહે છે. આ જ મૂંઝવણ બની જાય છે કે તેનું શું થશે ? ભવિષ્ય ન જાણે કેવું બનીને રહેશે ?

આ વિષમ ગૂંચવણમાંથી છૂટવાનો એક જ ઉપાય છે કે દોષ-દુર્ગુણોનો ભારે બોજ માથા પર સવાર છે તેને કોઈપણ કિંમતે હટાવવો જોઈએ. આ સિવાય આ ભારરૂપ વિષમતાને માથા પર ઉપાડીને થોડે દૂર સુધી પણ આગળ ચાલી શકવું અશક્ય થશે. વાસનાઓ માણસને લીંબુની જેમ નીચોવી લે છે. જીવનમાંથી સ્વાસ્થ્ય, સંતુલન, આયુષ્ય, જેવું જ બધું નીચોવીને તેને છોતરા જેવું નિસ્તેજ બનાવી દે છે.

ઈચ્છાઓની ખાણ એટલી ઊંડી છે, જેને રાવણ, હિરણ્યકશ્યપ વૃત્તાસુર, જેવા પ્રબલ પરાક્રમી પણ બધું જ પુરુષત્ત્વ હોડમાં મુકીને પણ અંતે થોડું પણ મેળવવામાં સમર્થ ન થયા. સિકન્દર જેવો મહાપરાક્રમી બાદશાહ પણ મુઠ્ઠી બાંધીને આવ્યો હતો અને હાથ ફેલાવીને ચાલ્યો ગયો. અભિમાન બતાવવાના અરિસામાં, સમગ્ર સંસારને પડકાર આપનાર અને સાથે ચાલવાવાળા સમયના ખરાબ અંતમાંથી હવે કોઈ ક્યાંય જોઈ શકાતા નથી. રાજાઓના મણિ-મોતીથી જડેલ રાજમુગુટ અને સિંહાસન ખબર નથી કે ધરાશઈ થઈને ક્યાં ધૂળ ચાટતા થઈ ગયા છે ? આ કાર્ય તેનું પૈશાચિક-દુષ્ટ પ્રવૃત્તિઓનું જ છે, જે મનુષ્ય પર ઉન્માદ બની રહે છે અને તેની અતિ કિંમતી જીવનસંપત્તિને સાવ મામૂલી ગણી ખોઈ બેસે તેના માટે દિશાહિન બનાવી રહે છે.

સ્વાર્થસિદ્ધિની લોભામણી ઈચ્છા ખરેખર અનર્થના અતિરેક સિવાય બીજું હાથ લાગવા દેતી નથી. સ્થિતિ તે જાદુઈ રાજમહેલ જેવી બની જાય છે. જેમાં પ્રવેશ કરવાથી દુર્યોધનને પાણીના સ્થાને જમીન અને જમીનના સ્થાને પાણી દેખાવા લાગ્યુ હતું. જે કરવું જોઈએ તેનો હંમેશાં તિરસ્કાર તેમજ બહિષ્કાર જ થઈ રહે છે અને પોતાની બુદ્ધિની બડાઈ હાંકવાવાળા હંમેશા તે જ કરતા રહે છે જે હકિકતે ન કરવું જોઈએ. આવી માનસિકતાને મોહનું સમ્મોહન નામ દેવા સિવાય બીજું શું કહી શકાય ? શું આ દુર્ગતિ અને દુર્ગંધથી ભરેલી દુર્દશા જ માણસ જીવનનું ભાગ્ય છે ? જે હોય તે, ખરેખર વાસ્તવિકતા એ છે કે ઓછા માણસો આ પરિસ્થિતિઓમાં સ્વેચ્છાપૂર્વક અથવા પરવશ થઈને જોડાઈ જાય છે. નુકસાનને લાભ અને લાભને નુકસાન સમજવાવાળાના હાથ એવી જ દુર્ગતિ પામે છે જેવી રીતે કે અધિકાંશ લોકોના ગળામાં બાંધેલી અને છાતી પર ચઢેલા જોઈ શકાય છે.

આશ્ચર્ય એ જ છે કે સડી ગયેલી જગ્યામાં ઉછરીને મોટા થવાવાળા કીડા, પોતાની સ્થિતિની દયાજનક સ્થિતિનો અનુભવ પણ નથી કરી

શકતા કે તેનાથી કોઈપણ હિસાબે છૂટકારો મેળવીને એટલું પણ નવું વિચારી નથી શકતા કે, જો કીડાની જ સ્થિતિમાં રહેવું હતું, તો ફૂલો પર ઉડવાવાળા પતંગિયાની માફક આકર્ષણ હોવાના સંજોગને ઈચ્છવાનું અને તે મેળવવા માટેનું માનસ કેમ બનાવ્યું, જ્યારે મહેચ્છા જ મરી પરવારી છે તો ઉત્કર્ષની હલચલો પણ કેવી રીતે ઉપર આવી શકે ?

માનવજીવનનો પરમ પુરુષાર્થ અને સર્વોચ્ચ સ્તરનું સૌભાગ્ય એક જ છે કે તે પોતાની હલકી માનસિકતાથી બચે, ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ આચરણવાળા સ્વભાવ અને અભ્યાસને ખૂબ જ વિકસાવવા સ્પષ્ટ ઈન્કાર કરી દે છે. ભૂલ સમજાવાથી પાછા વળવામાં કોઈ નુકસાન નથી. ગણતરી કરવામાં ભૂલ થવાથી, બીજીવાર નવેસરથી ગણવાનું શરૂ કરવામાં કોઈ સમજદારને સંકોચ ન થવો જોઈએ. જીવન સાચા અર્થમાં પૃથ્વી પર રહેવાવાળાનું દેવત્વ છે. નર-કીટક, નર-પશુ, નર-પિશાચ જેવી સ્થિતિઓ તો તેઓએ પોતાની સ્વેચ્છાથી સ્વીકારી છે. જો તે કાયાકલ્પ જેવાં પરિવર્તનની વાત વિચારી શકે, તો તેને નર-નારાયણ, મહામાનવ બનવામાં પણ વાર લાગતી નથી. છેવટે તો તે ઋષિઓ, તપસ્વીઓ, મનસ્વીઓ અને મહાજ્ઞાનીઓનો વંશધર જ છે.

## ધર્મ ધારણાની વ્યાવહારિકતા

શાન્તિના સાધારણ સમયમાં સૈનિકોના શસ્ત્રસરંજામ્ શસ્ત્રાગારમાં જમા રહે છે, પરંતુ જ્યારે યુદ્ધ આવી પડે છે ત્યારે તેને કાઢીને દુરસ્ત કરીને ઉપયોગમાં લેવાય છે, તલવારો પર નવી ધાર કાઢીએ છીએ. ઘરનું ઝવેરાત સાધારણ રીતે તિજોરી અથવા લોકરમાં રાખીએ છીએ, પરંતુ વિવાહ-શાદી જેવા પ્રસંગમાં તેને કાઢીને એવી રીતે ચમકાવવામાં આવે છે જાણે નવા બનાવીને લાવ્યા હોઈએ. વર્તમાનયુગ સંધિકાળમાં શસ્ત્રો અને આભૂષણોની માફક પ્રતિભાશાળીઓનો ઉપયોગ થશે. વ્યક્તિત્વને ખૂબ જ પ્રતિભા સંપન્ન કરવા માટે આ આપત્તીકાલ જેવો સમય છે. આ સમયમાં તેની તૂટ-ફૂટને તત્પરતાપૂર્વક સુધારીને યોગ્ય કરવી જોઈએ.

પોતાની સ્વયંની સમર્થતા, કુશળતા, પ્રામાણિકતા અને પ્રભાવપ્રખરતા એક માત્ર અ જ આધાર પર ખીલી ઉઠે છે કે ચિન્તન, ચરિત્ર અને વ્યવહારમાં ઉત્કૃષ્ટતાનો વધારેમાં વધારે સમાવેશ થાય. અણઘડ, અસ્ત-વ્યસ્ત લોકો વીતી ગયેલી જિંદગી જીવે છે. બીજાની સહાયતા કરવી તો અલગ છે, પરતુ પોતાનું ગુજરાન પણ જેની તેની સામે આજીજી કરી, માંગીને અથવ ચોરી કરી ઘણી મુશ્કેલીથી જ કરી શકે છે. પરંતુ જેની પ્રતિભા પ્રખર છે, તેની વિશિષ્ટતાઓ મણિ-મોતીની માફક ચમકતી રહે છે, બીજાને આકર્ષી-પ્રભાવિત પણ કરે છે અને મદદ કરવામાં પણ સમર્થ બને છે. સહયોગ અને સન્માન પણ આવી વ્યક્તિઓની જ આગળ-પાછળ ચાલે છે. બદલાતા સમયમાં અણઘડનો કચરો કયાંક ઉખાડી દઈને દૂર ફેંકી દેવાશે. બીમારીઓ, મુશ્કેલીઓ અને તોફાનોથી તેઓ જ બચી શકે છે જેઓની જીવનની શક્તિ સુદૃઢ બને છે.

સમર્થતાને ઓજસ્વી, મનસ્વિતાને તેજસ્વી અને જીવનને વર્ચસ્વી કરીએ છીએ. આ જ છે તે દિવ્ય સંપત્તિ, જેના બદલામાં આ સંસારની બજારમાંથી કંઈ પણ ઈચ્છિત ખરીદી શકાય છે. બીજાની મદદ પણ તે લોકો જ કરી શકે છે, જેની પાસે પોતાનો વૈભવ અને પરાક્રમ હોય. ભવિષ્યમાં આવાજ લોકોની ડગલેને પગલે જરૂર પડશે, જેમની પ્રતિભા સામાન્ય માણસોની તુલનામાં કેટલીય વધારે આગળ પડતી હોય, સંસારના વાતાવરણને સુધારવાનું તેઓ જ કરી શકશે, જેમણે પોતાની જાતને સુધારીને એ સિદ્ધ કરી દીધું હોય કે તેની સર્જનશક્તિ બેનમૂન છે. પરિસ્થિતિઓની વિભિન્નતાને જોઈને પણ તેને સુધારવાની અવિરત આવશ્યકતા છે, પરંતુ આ અતિશય કઠિન કાર્યો તેઓ જ કરી શકશે જેમણે પોતાના વ્યક્તિત્વને પરિષ્કૃત કરીને એ સિદ્ધ કરી દીધું છે કે તેઓ મુશ્કેલીના સમયમાં કોઈ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકવામાં સફળ થઈ શકે છે. આ સ્તરને ઉપલબ્ધ થઈ શકવાની કસોટી એક જ છે કે પોતાના વ્યક્તિત્વને દુર્ગોણોથી મુક્ત કરીને, સર્વતોમુખી સમર્થતાથી

ભરી દેવાયું હોય અને સદ્‌ગુણોની સંપત્તિ વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત લીધી હોય.

બીજાને કેવા બનાવવા જોઈએ, તેના માટે એક મંડળની સ્થાપના કરવી જોઈએ. ઉપકરણો બનાવવા માટે તેને અનુરૂપ માળખું બનાવ્યા વગર કામ નથી ચાલતું. લોકો કેવી રીતે બને ? કેવી રીતે બદલે ? આ પ્રયોગને સૌથી પ્રથમ પોતાની જાત ઉપર જ કરી શકાય છે અને બતાવી શકાય કે કાર્ય એટલું કઠિન નથી જેટલું તેને સમજીએ છીએ. હાથપગની હરકતો ઈચ્છા અનુસાર બદલી શકાય છે તો કોઈ કારણ નથી કે પોતાની જાતની પ્રખરતાને સદ્‌ગુણોથી સુસજ્જીત કરીને ચમકાવી-શણગારી ના શકાય.

ભૂતકાળમાં કોઈ પ્રકારે આળસ, પ્રમાદ, ઉપેક્ષા અને અણઘડપણની સ્થિતિ પણ સહન થઈ શકતી હતી, પરંતુ બદલતા યુગને અનુરૂપ હવે તો દરેકને પોતાના નવા યુગનો નવો મનુષ્ય બનાવવાની હરિફાઈ કરવી પડશે, જેથી તે પરિવર્તનના પ્રમાણ રજૂ કરતાં કરતાં સમગ્ર સમાજને અને સુવિસ્તૃત વાતાવરણને બદલાવવા માટે પ્રોત્સાહિત જ નહીં પરંતુ વિવશ કરે અને ફરજ પાડી શકે.

શરીર જેનું જેવું ઢળી ગયું છે તે લગભગ તેવા આકાર-પ્રકારનો જ રહેશે, પરંતુ ગુણ, કર્મ, સ્વભાવમાં અજોડ ઉત્કૃષ્ટતાનો સમાવેશ કરતાં એવો કોઈ ચમત્કાર પેદા કરી શકાય છે જેના કારણે આ કાયામાં દેવત્વના દર્શન થઈ શકે. દેવી-દેવતાઓની ખોટ નથી, તે બધાની પૂજા ઉપાસના માટે પોત-પોતાનું મહત્ત્વ બતાવી ગયા છે; પરંતુ પરીક્ષાની કસોટી પર તે કયારેક જ સાબિત થાય છે. ભક્તલોકો ઘણુંકરીને નિરાશા જ વ્યકત કરીને અને અસફળતાને માટે સમગ્ર પરિવારને દોષિત ગણતા અપવાદરૂપે કોઈક આંધળાને ધન પ્રાત થાય છે. પરંતુ એક દેવતા એવા પણ છે કે જેની સમૂળી સાધના કરવાથી સત્ પરિણામ હાથોહાથ જમા થયેલા ધર્મની માફક મળતું જોઈ શકાય છે. તે દેવતા છે 'જીવન', તેનું સુધારેલું સ્વરૂપ જ કલ્પવૃક્ષ છે. પોતાની રિદ્ધિ-સિદ્ધિથી ભરેલો ભંડાર

લોકો કોણ જાણે કેમ ખોલતા કે શોધતા નથી અને ન જાણે કેમ ઘડામાં ઊંટ શોધતા ફરે છે ? સારું જ થાત જો આત્મવિશ્વાસને જગાડી શક્યા હોત અને પોતાને પરિષ્કૃત કરી લઈને હાથ લાગનાર સંપત્તિઓ અને વિભૂતિઓ પર વિશ્વાસ કરી શકાયો હોત.

પ્રાચીન સમયમાં બધા જ બાળકો સ્વસ્થ જન્મ લેતા હતા. ત્યારે તેને થોડા જ મોટા થતા જ અખાડામાં ખૂબ જ ભારે કસરત કરવા માટે મોકલી દેવામાં આવતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. અપંગ, રોગી, અને દુર્બળ પેઢીને અખડામાં મોકલી શકતા નથી. તેમને સ્વાસ્થ્ય રક્ષાના સામાન્ય નિયમોથી જ જાણકાર કરવા પૂરતું ગણાશે. આત્મબળ કે જેમાં બધા જ બળોનો સહજ સમાવેશ થઈ જાય છે, તેની પ્રાપ્તિ માટે આધ્યાત્મિક પ્રયોગ-અભ્યાસ કરવો પડે છે. પ્રાચીનકાળમાં તેને તપ સાધના અને યોગાભ્યાસોથી મેળવવાની શરૂઆત થતી, પરંતુ હવે તો વ્યક્તિની દૃષ્ટિથી વિકૃત પેઢીને અધ્યાત્મની શરૂઆતની જ સાધના કરાવવી જ બસ થશે. હાઈસ્કૂલ કક્ષાની પરીક્ષા પાસ કર્યા પહેલા જ કૉલેજની યોજના બતાવવી વ્યર્થ છે.

## પંચશીલોનો અભ્યાસ કરીએ

પ્રાચીન સમયમાં દરેક સાધકને પ્રારંભમાં યમ નિયમ સાધવા પડે છે. તેની પાછળ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરેની સાધના અનિવાર્ય છે. તે સમયના સામાજિક વાતાવરણમાં તેઓ સર્વસાધારણ માટે સાધ્ય રહ્યા હશે. પરંતુ આજની સ્થિતિમાં તેવું શક્ય નથી દેખાતું. હવે તો વ્યાવહારિક પંચશીલોનું પરિપાલન ટેવોમાં સંમિશ્રિત થઈ શકે, તો પણ કામ ચાલી શકશે. શ્રમશીલતા, મિતવ્યયિતા, શિષ્ટતા, સુવ્યવસ્થા અને સહકારિતાના પંચશીલો આપણી ક્રિયામાં સારી રીતે ભળી શકે, તો સમજવું જોઈએ કે પ્રચીનકાળની તપ-સાધનાનું સમતૂલ્ય સાધનાત્મક સાહસ બની શકે.

(૧) આળસ, પ્રમાદ, વિલસિતા, ઠઠારો-વગેરેના કારણે આદમી ખરાબ

રીતે હરામખોર બની જાય છે. મળેલી શક્તિનો એક ચતુર્થાંશ ભાગ પણ ઉત્પાદક શ્રમમાં સામેલ થઈ શકતો નથી. નકામાપણામાં શારિરીક, માનસિક અસમર્થતા પોષાય છે. આર્થિક તેમજ બીજી બધીજ પ્રગતિઓના દ્વારા બંધ થઈ જાય છે. શ્રમ વિના શરીર નિરોગી અને સશક્ત પણ રહી શકતું નથી. શ્રમ વગર ઉત્પાદન પણ સંભવ નથી. સમાજમાં મુશ્કેલીઓ આ જ કારણે પોષાતી રહી છે કે નર-નારી શ્રમ ન કરવામાં મોટાઈનો અનુભવ કરવા લાગે છે. કામચોરી લગભગ શ્રમના બદલામાં વધારેમાં વધારે લાભ મેળવવાની પ્રવૃત્તિઓ સમાજને અપંગ જેવો બનાવી રહી છે.

આ ભયંકરતાને સમજીને સમયની તત્પરતા અને એકાગ્રતાભર્યા પરિશ્રમની સાથે જોડીને દિનચર્યા બનાવી શકાય, તો પ્રતીતિ થશે કે મળેલો સમય તેમજ સાધનોમાં જ પ્રગતિશીલતાની સાથે જોડીને અનેક પ્રકારના સારા પરિણામો પ્રાપ્ત કરી શકાય છે.

(૨) અપવ્યય આજના સમયનો બીજો શાપ છે. દુર્વ્યસનોમાં ફેશન તથા શણગાર જેવા આડંબરોમાં એટલો સમય અને પૈસા ખર્ચાય છે કે તેનં બચાવવાથી પોતાના તેમજ બીજાના અનેક હેતુઓ સાધી શકાય છે. નકામા ખર્ચનો કોઈ અંત નથી. તેને કોઈપણ મર્યાદા સુધી કરી શકાય છે. તેનું રટણ જ્યારે થઈ આવે છે તો તેને પૂરો કરવા સાધારણ શ્રમ, કૌશલ્યને માટે અસંભવ બને છે. ત્યારે અપ્રમાણિકતા, બદમાશીનો આશ્રય લીધા વિના કામ નથી થતું. આમ આ અમીરી દેખાવમાં ક્યારેક કોઈને ભલે સન્માન મળી રહે છે, પરંતુ હવે તેના કારણે ઈર્ષ્યા જ પેદા થાય છે. તેના ફલસ્વરૂપે માત્ર તેની નકલ કરીને કે નીચા દેખાવાની પ્રતિક્રિયા જ જોવા મળે છે. "સાદું જીવન ઉચ્ચ વિચાર" વાળી ઉત્કૃષ્ટતાનો તો એક પ્રકારથી અંત જ થઈ જાય છે. ઉદારતાને ચરિતાર્થ કરવાનો અવસર તો ત્યારે જ મળે જ્યારે અપવ્યયથી કંઈક બચે.

(૩) શિષ્ટતા સભ્યતાનો આધારસ્તંભ છે અને અશિષ્ટતા અણઘડપણાની સૌથી ખરાબ પ્રતિક્રિયા છે. બીજાનું અપમાન અને પોતાના અહંકારના સંયોગથી જ એવી ઉદ્દંતા દેખાય છે કે શિષ્ટ, મધુર, વિનીત

તેમજ સજ્જનને યોગ્ય વ્યવહાર કરી નથી શકતા. આ પ્રવૃત્તિ અશિષ્ટતા બનીને બહાર આવે છે. તેને અપનાવવાવાળાની છબી જ ધૂંધળી થાય છે. તેના સ્થાને વિનમ્રતા અને સભ્યતાનો પરિચય કરાવવો જ ભલમનસાઈનું મુખ્ય ચિહ્ન છે. આવો વર્તાવ મોટાની સાથે જ નહી પરંતુ નાના સાથે પણ એટલો જ તત્પરતાપૂર્વક કરવો જોઈએ.

આ વાક્ય ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે, "શાલીનતા વગર કશુંય મળે નહીં, અને તેનાથી બધુ જ ખરીદી શકાય છે. શાલીનતાનો જેને અભ્યાસ છે તેના પરિવારમાં ક્યારેય કંકાસ નથી થતો અને સમાનતાનું સ્વર્ગીય વાતાવરણ બનાવી રહે છે. શાલીન વ્યક્તિના મિત્ર-સહયોગી અચાનક જ વધતા હોય છે, જ્યારે અશિષ્ટ વ્યક્તિ પોતાને પણ પારકા બનાવે છે. જીવનની સફળતામાં શાલીનતાનો અસાધારણ ફાળો રહેલો છે."

(૪) સુવ્યવસ્થાનો અર્થ છે, પોતાનો સમય, શ્રમ, મનોયોગ, જીવનક્રમ, શરીર અને સામર્થ્ય વગેરે બધાનો સંબંધ ઉત્પાદનનું સુનિયોજન. તેને એ પ્રકારે સંભાળી સંભાળીને સુનિયોજીત રાખવું જોઈએ કે તેને અસ્ત-વ્યસ્ત થતો બચાવી શકાય અને વધારેમાં વધારે સમય સુધી તેનો યોગ્ય લાભ લઈ શકાય. આ પ્રક્રિયા સ્વભાવમાં સુવ્યવસ્થાની દૃષ્ટિ રાખવાથી જ થઈ શકે છે. લોકવ્યવહારનો મોટામાં મોટો આ સદ્‌ગુણ છે. તેને સંભાળવો, સદુપયોગ કરવો, સુનિયોજીત રાખવાનું આવડી ગયું તો સમજવું જોઈએ કે તેને ગુણવાનોમાં ગણી શકાય. તેની મોટાઈ સર્વત્ર માની શકાશે. સુનિયોજન જ સૌંદર્ય છે, તેને કળાકારીગરી પણ કહેવી જોઈએ. મેનેજર, ગવર્નર સુપરવાઈઝર જેવા પ્રતિષ્ઠિત પદોનો યશ તેને જ મળે છે, જે ફકત પોતાને જ નહીં પરંતુ તેના વર્તુળને પણ સુવ્યવસ્થાની અંતર્ગત ચાલવામાં અને શિસ્તમાં રહેવા માટે સહમત કરે છે. પ્રગતિનો મુખ્ય આધાર આ જ છે.

(૫) પાંચમું શીલ છે-સહકારિતા, હળી-મળીને કામ કરવું. આદાન-પ્રદાનનો કાર્યક્રમ બનાવી રાખવામાં સતર્કતા બતાવવી. પરિવારમાં, કારોબારમાં, લોક વ્યવહારમાં, ત્યારે બનાવી રાખવાનું શક્ય બને જ્યારે

ઉદારતા ભર્યા સહકારને પોતાની બધી જ ક્રિયાઓમાં સુનિયોજીત રાખી શકાય. જો એકલપણાથી ઘેરાયેલા રહીએ તો તે અસામાજિક અને ઉપેક્ષિત રહેવું પડે છે અને નીરસતા અને નિરાશાની વચ્ચે જ દિવસો ગુજારે છે. જેઓ સંકુચિત સ્વાર્થપરાયણતાથી જકડાયેલા અને નિષ્ઠુર પ્રકૃતિના હોય છે તેઓને બદલામાં સ્નેહ, સહયોગ અને સન્માન પ્રાપ્ત કરવાની તક મળતી નથી. મોટા કાર્યો સંયુક્ત શક્તિથી જ સફળ થઈ શકે છે. દૈવી શક્તિઓની અનુકૂળતાથી દૂર્ગાની ઉત્પત્તિની સફળ કથા જ સર્વવિદિત છે. સંકુચિત સ્વાર્થપરાયણતાને બદલે ઉદાર સહકારપણાની પ્રવૃત્તિ જગાડવાથી અને તેનો મહાવરો કરવાથી જ સંઘશક્તિ જાગે છે. યોગ્ય કાર્યકર્તા હોવા છતાં પણ સહકારના અભાવમાં કોઈ સંસ્થા ટકી શકતી નથી તેમજ કોઈ વ્યવસાય પણ પ્રગતિ કરી શકતો નથી.

ઉપરોક્ત પાંચ દુર્ગુણોને જો છોડી શકીએ અને તેથી ઉલટું સદાશયતાની રીતિ-નીતિને અપનાવી શકીએ તો સમજવું જોઈએ કે માનવીય ગૌરવને અનુરૂપ મર્યાદા-પાલન બની શકે અને હંસતી હસાવતી અને વધતી-વિકસતી જિંદગીનું રહસ્ય હાથ લાગે. આવાજ લોકો ધન્ય બને છે અને પોતાના સમય, વર્તુળ તેમજ વાતાવરણને ધન્ય બનાવે છે. વ્યાવહારિક ધર્મધારણાનું પરિપાલન આટલા મર્યાદિત સદ્‌ગુણો જીવન-વ્યવહારમાં ચરિતાર્થ કરવાથી સાધી શકાય છે.

આ સદ્‌ગુણોને પોતાના દૃષ્ટિકોણ, સ્વભાવ, તેમજ અભ્યાસમાં ઉતારવાની સૌથી સારી તક પરિવાર વર્તુળની વચ્ચે મળે છે. જો ઘરના મહત્ત્વના કાર્યો પરિવારના બધા જ સભ્યો સાથોસાથ સહયોગપૂર્વક પતાવે અને ઉત્સાહની પ્રશંસા તેમજ ઉપેક્ષાની અવજ્ઞા કર્યા કરે તો આટલું જ નહિવત્ પરિવર્તન પરિવારના બધા જ સભ્યોને સુસંસ્કારી બનાવવાની તક પૂરી પાડે છે. પરિવાર સંસ્થા જ નર રત્નોની ખાણ બની શકે છે. પરિવારમાં જે લોકો સદ્‌ગુણોનો અભ્યાસ કરે છે તેમના માટે આ સહેજ પણ મુશ્કેલ કાર્ય નથી રહેતું. લોકવ્યવહારમાં ડગલે-ને પગલે શાણપણનો

પરિચય કરાવીએ તો બદલામાં પ્રેરણાદાયી સફળતાઓનો સંપૂર્ણ લાભ સહેલાઈથી મળતો રહે.

## ઉચ્ચ માનસિકતાના ચાર સૂત્રો

વ્યવહારની ધર્મધારણા અને સંવાસાધના ઉપરોક્ત સદ્‌ગુણોને જીવનમાં ઉતારીને જ વણી લેવાથી જ બની શકે છે. તેના સિવાય બીજું ક્ષેત્ર માનસિકતાનું રહી જાય છે. તેમાં ચરિત્ર અને ભાવનાત્મક વિશેષતાઓનો સમાવેશ કરી શકાય, તો સમજવું જોઈએ કે લોક અને પરલોક બંનેને જ શ્રેષ્ઠ સ્તરનું બનાવી લીધું ગણાય. ચારવેદ, ચાર ધર્મ, ચાર કર્મ, ચાર દિવ્ય વરદાન જેને કહી શકાય છે, તે ચાર માનસિક વિશેષતાઓને (૧) સમજદારી (૨) ઈમાનદારી (૩) જવાબદારી (૪) બહાદુરીના નામથી સમજી શકાય છે. સમજદારીનો અર્થ છે, તાત્કાલિક આકર્ષણ પર સંયમ વર્તવો, અંકુશ લગાવવો, અને દુરગામી ચિરસ્થાયી, પરિવર્તનો, પ્રતિક્રિયાઓનું સ્વરૂપ સમજવું, તેને અનુરૂપ નિર્ણય કરવો, કાર્યક્રમ અપનાવો. સ્વાદની ચટાકાની લોલુપતામાં લોકો અભક્ષ્ય વસ્તુઓ ખાય છે અને કામુકતાના ઉન્માદમાં શરીર અને મસ્તિષ્કને ખોખલું કરી નાખે છે. આવાજ ખરાબ પરિણામ અન્ય અદૂરદર્શિતાઓ ઉત્પન્ન કરે છે. તેની જ પ્રેરણાથી લોકો અનાચાર આદરે છે, કુકર્મ કરે છે અને દુઃખ વેઠે છે. અદૂરદર્શિતાના કારણે જ લોકો માછલીની જેમ સામાન્ય જેવા પ્રલોભનના લોભમાં મૂલ્યવાન જીવન ગુમાવી દે છે. જો સમજદારી સાથ આપે તો તો ઈન્દ્રિય સંયમ, સમય સંયમ, અર્થસંયમ, અપનાવીને આ છિદ્રો જે જીવન સંપત્તિને અસ્તવ્યસ્ત કરી નાખે છે તેને સરળતાપૂર્વક રોકી શકાય છે.

ઈમાનદારી વર્તવી સરળ છે, જ્યારે બેઈમાની વર્તવામાં અનેક પ્રપંચ રચીને છલ-કપટ અપનાવવા પડે છે. યાદ રાખવા જેવું તથ્ય એ જ છે કે ઈમાનદારી દ્વારા જ કોઈ વ્યક્તિ પ્રમાણિક અને વિશ્વાસુ બની શકે છે.

તેને જ દરેક માણસનો સહયોગ તેમજ સન્માન પ્રાપ્ત કરવાની તક મળે છે.

પ્રગતિ અને વિકાસ માટે આટલો સહારો ઘણો જ છે. આગળની ગતિ તો અચાનક જ ચાલી આવે છે. બેઈમાન તેઓ છે જેણે પોતાનો વિશ્વાસ ગુમાવ્યો છે અને જેની મિત્રતા મળી રહેતી હતી તેને શત્રુ અને વિરોધી બનાવ્યા. બેઈમાન વ્યક્તિ પણ ઈમાનદાર નોકર રાખવા ઈચ્છે છે. તેનાથી દેખાય છે કે પ્રામાણિકતાની શક્તિ કેટલી વધુ છે. જેની પ્રતિષ્ઠા તેમજ ગૌરવ અંત સુધી અક્ષય બની રહે છે, તેમાંથી દરેકને ઈમાનદારીની રીતિ-નીતિ જ સાચા મનથી અપનાવવી પડે છે. જૂઠાની અપ્રમાણિકતા તો લાકડાની હાંલ્લીની માફક એકવાર જ ચડે છે.

ત્રીજો ભાવ પક્ષ છે- જવાબદારી. દરેક વ્યક્તિ, શરીર રક્ષા, પરિવાર વ્યવસ્થા, સમાજનિષ્ઠા, શિસ્તનું પાલન જેવા કર્તવ્યોથી બંધાયેલો છે. જવાબદારીને નિભાવવાથીજ મનુષ્યનું શૌર્ય ઝળકી ઉઠે છે અને વિશ્વાસ જન્મે છે. વિશ્વસનીયતાના આધાર પર જ તે વ્યવસ્થા બની રહે છે, જેના આધારે તેને વધુ મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સોંપી શકાય, પ્રગતિના ઉચા શિખર પર જઈ પહોંચવાનો સુયોગ ખેંચાતો આવે, લોકો તેને આગ્રહપૂર્વક બોલાવે અને માનથી સ્વીકારે. જવાબદાર હોય તેનું જ વ્યક્તિત્વ ઉપસી આવે છે. મોટું સાહસ તેઓ દ્વારા થઈ શકે છે.

ચોથી આધ્યાત્મિક સંપત્તિ છે-બહાદુરી. હિંમતભરી સાહસિકતા. નિર્ભય પુરુષાર્થ-પરાયણતા. જે નીતિ-નિષ્ઠાની સાથે અભિન્નરૂપથી જોડાયેલું હોય છે. તે જોખમ વેઠીને પણ તે માર્ગ પર આગળ વધે છે. બુરાઈઓ સંઘર્ષ વિના ઘટતી નથી અને સંઘર્ષને માટે સાહસ અપનાવવું અનિવાર્ય હોય છે. કાયર, કંજૂસ, ડરપોક, ગરીબ, કદાચ એટલે પોતાના ઉપર આક્રમણ અને શોષણ કરવાવાળાને દોડી બેસવા આમંત્રણ આપે છે કે તેનામાં અનીતિની આગળ હાર ન માનવાની હિંમત નથી હોતી. દબાવવાની, બચી નીકળવાની અને જેમતેમ મુસીબત ટાળવાની વૃત્તિ જેણે

અપનાવેલી હોય છે તેઓ કોઈના દ્વારા ક્યાંયથી પણ, પીસાઈ અને દબાઈ જાય છે. એવા લોકો પણ છે જે દુષ્ટતાની સામે પણ હારમાની તેની ચાપલુસી કરતા જોવા મળે છે. આટલામાં પણ તેને સુરક્ષા નથી મળતી. બધા લોકો જાણે છે કે બહાદુરોના બદલે કાયરો પર આતંકવાદીઓનું આક્રમણ હજારગણું વધારે હોય છે. કઠિનાઈઓથી પાર ઉતરવા અને પ્રગતિપથ પર આગળ વધવાને માટે સાહસ જ એક માત્ર સાથી છે, જેને સાથે રાખીને મનુષ્ય એકલવાયો પણ મુશ્કેલ દેખાતા રસ્તા પર ચાલી નીકળીને લક્ષ્ય સુધી જઈ પહોંચવામાં સફળ નીવડે છે.

પાંચશીલ અને ચાર વર્ચસ્ આમ આ નવની સંખ્યા યુગધર્મને અનુરૂપ બને છે. આકાશ મંડળના ગ્રહ નવ છે. નવરત્ન અને રિદ્ધિ-સિદ્ધિ પણ નવ સંખ્યામાં જ પ્રખ્યાત છે. આ નવ ગુણોમાંથી જે જેટલા જેટલી સંખ્યામાં અપનાવી શકે તેઓ એટલા જ મહાન ઈશ્વરભક્ત અને ધર્માત્મા કહેવાય. તેને જો યોગાભ્યાસ અને તપસાધના કહી શકાય તો પણ કંઈ વધારે પડતું ન ગણાય.

ધર્મ અને કર્મમાં ઉતારી-અપનાવાની શ્રેષ્ઠતા અને આદર્શવાદ જ અન્યરૂપે સ્વર્ગ જેવું ઉલ્લાસભર્યું માનસ અને જીવનમુક્તિ જેવી તૃપ્તિ, તૃષ્ટિ તેમજ શાન્તિપ્રદાન કરી શકવામાં પ્રત્યક્ષ શક્તિશાળી બને છે. તેના માટે લાંબો સમય કોઈની પણ પ્રતીક્ષા કરવી પડતી નથી. લોકવાયકાના અનુસાર મૃત્યુ પછી જ સ્વર્ગમુક્તિ જેવી સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ જો કલ્પનાઓના હવાઈ કિલ્લાઓ છોડીને વ્યાવહારિક ધર્મકર્મમાં નવસૂત્રી શ્રેષ્ઠતાઓનો સમાવેશ કરી શકાય તો જીવીત રહીને પણ સ્વર્ગીય અનુભવો અને મુક્તિ સ્તરની પ્રાપ્તીનો દરેક પળે રસાસ્વાદ કરી શકીએ છીએ. એટલું જ નહીં, એ બે સિવાય એક ત્રીજો પણ લાભ પ્રાપ્ત કરી શકાય છે. સિદ્ધિઓના ચમત્કાર પણ પ્રાપ્ત થઈ જાય છે. સફળતાઓ આપમેળે ખેંચાઈને સામે આવે છે અને મનસ્વીના પગ નીચે આળોટવા માંડે છે.

## સુનિશ્ચિત રાજમાર્ગ અપનાવો

દેવતાની પૂજા અર્ચના માટે પંચોપચાર, ષોડષોપચાર નામથી જાણવાવાળા કર્મકાંડો, ક્રિયાકૃત્યોનો પ્રયોગ ભક્તજન કરતા રહે છે. તેના બદલામાં તેમને શું મળ્યું તેનું વિવરણ તો તે સ્વયં બતાવી શકે છે, પરંતુ ઉપરોક્ત સાધનાઓને નિશ્ચિતરૂપથી વિશ્વાસપૂર્વક નવધાભક્તિના સ્થાન પર પ્રતિપાદન કરી શકાય છે અને જોઈ શકાય છે કે તેની મદદથી પ્રત્યક્ષ અને પરોક્ષ બંને બાજુ ગૌરવપૂર્ણ સિદ્ધિઓને સહજ અને સરળતાપૂર્વક પ્રાપ્ત કરી લીધી કે નહીં ?

રાજમાર્ગ પર ચાલવાવાળા ભટકતા નથી. જેઓને છલાંગ મારી તૂરતજ વગર મહેનતે વત્તુઓછું મેળવી લેવાની લાલચ સતાવે છે તેઓ ઝાડી-ઝાંખરાઓમાં અટવાય છે. આકુળ-વ્યાકુળ મનઃસ્થિતિમાં મોટામુખવાળાં ઈન્દ્રસમાન વર્ચસ્વ અને કુબેર જેવો વૈભવ ક્યાંયથી પણ લેવાની માનસિકતા જ લોકોને હેરાન કરતી રહે છે. આવા જ વ્યક્તિઓ સાધનાથી સિદ્ધિના સિદ્ધાંતને લાંછન લગાવે છે અને આરોપ કરતા જોઈ શકાય છે. નવગુણોના નવસૂત્રોવાળી યજ્ઞોપવીત ધારણ કરવાની વિધિ આ સંકેત પર ધ્યાન કેન્દ્રિત કરી રહેવા માટે નિર્મિત કરેલી છે કે પંચતત્ત્વોથી બનેલું રક્ત-માંસ, હાડકા જેવા પદાર્થોથી અંગપ્રત્યંગોને જોડી સાંધીને બનાવેલી આ માનવકાયાને જો નૌલખા હારથી સુસજ્જિત કરવી હોય તો તે નવ ગુણોને ચિંતન, ચરિત્ર વ્યવહારમાં અને ગુણ-કર્મ, સ્વભાવમાં ખૂબ ઊંડે સુધી સમાવવા જોઈએ. તેને ક્રિયા-કલાપમાં અને અભ્યાસમાં સામેલ કરવા માટે જીવના ભોગે યત્ન કરવો જોઈએ.

આ એક એવો કાયાકલ્પ છે, જેના માટે કોઈ બહારના વૈદ્યરાજની જરાપણ આવશ્યકતા નથી. આ ચ્યવનઋષિ જેવું ફરીવાર યૌવનપ્રાપ્ત કરવાનો સુઅવસર છે, જેને માટે અશ્વિનીકુમારોની કૃપા જરાપણ ઈચ્છવા-યોગ્ય નથી. આ સમગ્ર ઉર્ધ્વીકરણની પશુને દેવતા બનાવવાવાળી મહાન સિદ્ધિ છે. જેને ક્યારેય 'દ્વિજત્વ' બીજા જન્મના નામથી જાણીએ છીએ,

તેમાં આકૃતિ નહીં પરંતુ સમગ્ર પ્રકૃતિ બદલાય છે અને મનુષ્ય ગમે તેવી સ્થિતિમાં વિદ્યમાન હોય તો તેને તે ક્ષેત્રમાં ક્ષેષ્ઠતાની સહજ સફળતા મળી જાય છે.

ધર્મ-ધારણાને વિવિધ સંપ્રદાયો અને મત-મતાન્તરોએ અલગ-અલગ સંખ્યામાં ગણાવ્યા છે અને તેનું સ્વરૂપ તેમજ પ્રયોગ પોતપોતાની માન્યતાને અનુરૂપ બતાવ્યો અને સમજવ્યો છે. પરંતુ આજની સ્થિતિમાં જ્યારે અનેક સ્થાનોથી દહોવાયેલા દૂધને સંમિશ્રિત કરીને એક જ વલોણાથી વલોવીને એક જેવો આકાર જેનું નામ માખણ છે તે કાઢીને તેની ઉપયોગીતા તેમજ તેની આવશ્યકતા સમજી લેવામાં આવે તો પછી ઉપરોક્ત નવ રત્નોથી જડેલા હારને સર્વપ્રિય તેમજ સર્વમાન્ય અલંકાર ગણાવી શકાય છે.

મિઠાઈ-મિઠાઈ બોલીને તેના સ્વરૂપ સ્વાદનું અલંકારિક વર્ણન કરતા રહેવાથી ન તો મોં મીઠુ બને છે ન તો પેટ ભરાય છે. તેનો રસાસ્વાદ કરી લાભ ઉઠાવવાનો ઉપાય એક જ છે કે જેની ભાવભરી ચર્ચા કરીએ છીએ તેને ખાઈને નહી પરંતુ પચાવવી જોઈએ. ધર્મ તેને જ કહેવાય જે ધારણ કરીએ. તેની આવશ્યકતાની પૂર્તિ માટે કથા-પ્રવચનોને કહેવા સાંભળતા રહેવાથી કંઈ વળશે નહી. વાત તો ત્યારે બનશે જ્યારે જે પ્રક્રિયાનું મહાત્મ્ય કહેવામાં અને સાંભળવામાં આવે છે તેને જ વ્યવહારમાં ઉતારવામાં આવે. વ્યાયામ કર્યા વગર કોઈ પહેલવાન ક્યાં બની શકે છે ? તેની જેમ ધર્મના તત્ત્વજ્ઞાનને વ્યાવહારિક જીવનચર્યામાં ઉતાર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

## કર્મક્રિયાઓની સાથે ભાવ સંવેદનાનો સમાવેશ

ભગવાનને કોઈએ જોયા નથી અને તે સર્વવ્યાપી અને નિરાકાર હોવાને કારણે જોવાની વસ્તુ નથી. તેની પ્રતીક-પ્રતિમા તો એટલા માટે બનાવવામાં આવે છે કે માનવી શરીરમાં શ્રેષ્ઠતાને અનુરૂપ ભાવશ્રદ્ધા તે

માધ્યમથી જોડાય અને પરબ્રહ્મની વિશિષ્ટતાઓની પરિકલ્પના કરવી સર્વસાધારણને માટે સહજ શક્ય થઈ શકે. રાષ્ટ્રધ્વજમાં દેશભક્તિની ભાવશ્રદ્ધાનો સમાવેશ કરીને તેને ગર્વ-ગૌરવની સાથે ફરકાવીને યોગ્ય સન્માન આપવામાં આવે છે. તે જ પ્રકારે સર્વવ્યાપી, ન્યાયનિષ્ઠ સત્તાનું આરોપણ પ્રતિમામાં કરીને ભાવશ્રદ્ધાને આ સ્તરની સુવિકસિત બનાવી શકાય છે કે તે સત્પ્રવૃત્તિઓનો સમુચ્ચય પરબ્રહ્મની સાથે જોડાઈ શકવા યોગ્ય બની શકે.

ભગવાનના દર્શન કરવા માટે લાગણીશીલ અર્જુન, કાકભુસુંડિ, યશોદા, કૌશલ્યા, વગેરેના આગ્રહનું જ્યારે કોઈ પ્રકારે સમાધાન થતું ન દેખાયું અને સાકાર દર્શનનો આગ્રહ જ રાખ્યો તો તેને તત્ત્વજ્ઞાનની પ્રકાશ પ્રેરણાએ આ વિશાળ વિશ્વને જ વિરાટ બ્રહ્મની પ્રતિમા બતાવી. આ વિરાટસ્વરૂપના દર્શનનું વર્ણન-વિવેચન, ગીતાકારે અલંકારિક રીતે સમજાવીને એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે વિશ્વવ્યાપી શ્રેષ્ઠતા જ ઉપાસના યોગ્ય ઈશ્વરીય સત્તા છે. આમ તો તેને સમગ્ર વિશ્વબ્રહ્માંડમાં એક નિયામક સૂત્ર સંચાલકના રૂપમાં જાણીએ છીએ, તેને શિસ્ત, સંતુલન, સુનિયોજન, વગેરેના રૂપમાં જ વૈજ્ઞાનિક દૃષ્ટિથી સમજી શકાય છે. તેનો અનુભવ ભાવશ્રદ્ધાનાં રૂપમાં જ થઈ શકે છે. તન્મય અને તલ્લીન થઈને જ તેને સમજી શકાય છે.

અગ્નિની સાથે એકાત્મતા પ્રાપ્ત કરવા માટે બળતણે આત્મસમર્પણ કરવું પડે છે અને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈને એકાકાર થવાનું સાહસ જોડવું પડે છે. ઈશ્વર અને જીવના મિલનની આ પ્રક્રિયા છે. નાળાને નદીમાં પોતાનું અસ્તિત્વ મિટાવવું પડે છે. પાણીને દૂધમાં ભળીને તેવો જ સ્વાદ અને સ્વરૂપ ધારણ કરવો પડે છે. પતિ અને પત્ની આ સમર્પણની માનસિકતાને અપનાવીને જ દ્વૈતથી અદ્વૈતની સ્થિતિમાં પહોંચે છે. મનુષ્ય પણ જ્યારે દેવત્વયુક્ત બને છે તો દેવતા બની જાય છે અને જ્યારે તેનામાં પરમાત્મા જેવી વ્યાપકતા ઓત-પ્રોત થઈ જાય છે તો

આત્માની સ્થિતિ પરમાત્મા જેવી થઈ જાય છે, તેમાં વત્તોઓછો ફેરફાર કરવાની અલૌકિકતા પણ સમાઈ જાય છે. ઋષિઓ અને સિદ્ધપુરુષોને આ દૃષ્ટિથી જોઈ પારખીને તેમને લગભગ તે જ આધાર પર જ શ્રેય સન્માન અપાય છે.

## પ્રતીકપૂજાનું તત્ત્વદર્શન

જુદા-જુદા મતમતાન્તરો મુજબ જુદા-જુદા પ્રકારની પૂજા પદ્ધતિઓ જે તે ધર્મ કે સમ્પ્રદાયમાં વિશેષ રૂપે પ્રચલિત થઈ છે. તે બધાની પાછળ એક જ તથ્ય અને રહસ્ય કામ કરે છે કે પોતાની જાતને પરિષ્કૃત તેમજ સુવ્યવસ્થિત બનાવી શકાય. આજ ઈશ્વરની એક માત્ર પૂજા, ઉપાસના અને પ્રાર્થના છે. વિશ્વવ્યવસ્થામાં સતત સંવ્યાપ્ત પરમેશ્વરને એટલી ફુરસદ નથી કે તે બધા ભક્તજનોની મનોકામના સાંભળવા અને ચિત્ર-વિચિત્ર ભેટોને ગ્રહણ કરવામાં પોતાનો સમય વિતાવે. આ બધુ માત્ર પ્રાર્થનાના માધ્યમથી પોતાની જાતને શ્રેષ્ઠતાના માર્ગ પર ચાલવા માટે પોતાના સંકેતને અનુરૂપ રચી અને કરી શકાય છે.

ઈશ્વર પર કોઈની પ્રશંસાની કે નિંદાની અસર પડતી નથી. પુજારી હંમેશા પ્રશંસાના પુલ બાંધે છે અને નાસ્તિક હજારો ગાળો સંભળાવે છે. તેમાં કોઈના પણ બોલવા-ચાલવાની તેમના પર કોઈ અસર પડતી નથી. આજીજી કે વિનંતી કરવાથી કોઈની પણ નિયુક્તિ આયોગ ઓફિસર તરીકે નિમણૂક કરતું નથી. શિષ્યવૃત્તિ મેળવવા માટે નંબર લાવ્યા અને પ્રતિસ્પર્ધા જીત્યા સિવાય કોઈ પ્રકારે પણ કામ થતું નથી. ઈશ્વરની પણ આજ સુનિશ્ચિત રીતિ-નીતિ છે. તેમની પ્રસન્નતા પણ એક કેન્દ્રબિંદુ પર કેન્દ્રિત છે કે કોણે તેના વિશ્વબાગને સુન્દર અને સમુન્નત બનાવવા માટે કેટલું અનુદાન આપેલું છે. ઉપાસનાત્મક કર્મકાંડ આવી એક સુનિશ્ચિત વ્યવસ્થાને જાણવા અને માણવા માટે રહ્યા છે અને અપનાવવામાં આવે છે. જો કર્મકાંડ કહેવા અનુસાર કરવામાં આવે અને પરમાત્માના

આદેશ–અનુશાસનની અવગણના કરવામાં આવે તો સમજવું જોઇએ કે એ માત્ર બાળ–ક્રીડા, હસી–મજાક જ છે. એટલાથી કોઇનું કશું ભલું થઇ શકવાનું નથી.

દેવપૂજાના કર્મકાંડોને પ્રતીક ઉપાસના કહે છે, જેનું તાત્પર્ય છે કે સંકેતોના આધાર પર ક્રિયા–કર્મોને નિર્ધારિત કરવા. દેવતાની પ્રતિમા એક પૂર્ણ મનુષ્યની પરિકલ્પના છે, જેના ઉપાસકને પણ દરેક સ્થિતિમાં સર્વાંગ સુંદર તથા નવયુવકો જેવી મનઃસ્થિતિ બનાવી રાખવી જોઇએ. દેવીઓ માતૃસત્તાનું પ્રતીક છે. તરુણી તથા સૌંદર્યમયી હોવા છતાં પણ તેને કુદૃષ્ટિથી નથી જોવાતી, પરંતુ પવિત્રતાની માન્યતા વિકસિત કરતા તેને શ્રદ્ધાપૂર્વક નમન–વંદન જ કરવામાં આવે છે. નારી માત્ર માટે પ્રત્યેક સાધકની માન્યતાઓ, આ સ્તરની નિર્મિત થયેલી–વિકસિત થયેલી હોવી જોઇએ.

પૂજા અર્ધ્યમાં જળ, અક્ષત ( ચોખા ) , પુષ્પ, ચંદન, ધૂપ, દીપ, નૈવેદ્ય આદિ સજાવીને રાખવામાં આવે છે. એનું તાત્પર્ય એ માધ્યમ સંકેતોને ધ્યાનમાં રાખી પોતાની રીતિ–નીતિનું નિર્ધારણ કરવાનું છે. જળનો અર્થ છે–શીતળતા. આપણે શાંત, સૌમ્ય અને સંતુલિત રહીએ. ધૂપની પાછળ દિશા નિર્દેશન એ છે કે આપણે વાતાવરણને સત્પ્રવૃત્તિઓથી હર્યું–ભર્યું સુગંધિત બનાવીએ. દીપકનો સંકેત છે કે જ્ઞાનનો પ્રકાશ વ્યાપક બનાવવા માટે આપણે પોતાના સાધનો વિભૂતિઓમાંથી કંઇ પણ ન્યોછાવર કરવા માટે તૈયાર રહીએ. ચંદન અર્થાત સમીપવર્તિઓને પોતાના જેવા સુગંધિત બનાવી દેવા મારવા, કાપવા જેવી વિકટ પરિસ્થિતિ આવે તો પણ પ્રસન્ન રહેવો સ્વભાવ ન છોડવો. પુષ્પ અર્થાત હસતા–હસાવતા, ખીલતા–ખીલવતા રહેવાની પ્રકૃતિ અપનાવી લેવી. અક્ષત અર્થાત આપણી કમાણીનો એક અંશ દિવ્ય પ્રયોજનો માટે નિયોજીત કરવામાં અતૂટ નિષ્ઠા બનાવી રાખવી, ઉદાર બનવું વગેરે. ભગવાનને આ વસ્તુઓની આવશ્યકતા પડી રહી છે, એવું નથી. આ પ્રતીક સમર્પણોના

માધ્યમથી આપણે પોતાની જાતને પ્રશિક્ષિત કરીએ છીએ કે દેવત્વના અવતરણ હેતુ વ્યક્તિત્વને પાત્રતાથી સુસજ્જિત રાખીએ.

ગાર્ડ લાલ અને લીલી ઝંડી દેખાડે છે. આમ તો રંગોનું આપણે કોઈ મહત્વ નથી. પણ ઝંડી દેખવાથી જે ઊભા રહેવાનો અને ચાલવાનો સંકેત મળે છે, તેને સમજવા અને ક્રિયાશીલ કરવા માટે વ્યવસ્થા બને છે. ઉપાસનાપરક ક્રિયા-કૃત્યોમાં, ભગવાનને રીઝવવા-ફોસલાવવા કે પાત્રતા પ્રદર્શિત કર્યા વગર, પુરુષાર્થ અપનાવ્યા વગર મનમાની કામનાઓ પૂરી કરાવી લેવા જેવું કંઈ પણ સામેલ હિત નથી. સામાન્ય રીતે લોકો ભ્રમમા ગૂંચવાયેલા રહે છે. પાકલણવા માટે બીજને વાવ્યા-સીંચ્યા વગર કામ ચાલે જ નહીં, પછી ગમે તે ખુશામત-વિનય જેવી કંઈ પણ ઉછળકૂદ કેમ ન કરે

## ઉપાસના-ધ્યાન-ધારણાનું સ્વરૂપ અને મર્મ

પૂજા-વિધિમાં પ્રજ્ઞા પરિવારના પરિજન આમ તો પોત-પોતાની રુચિ અને સુવિધાને અનુરૂપ જપ, ધ્યાન અને પ્રાણાયામના આધારે અપનાવે છે. આ ત્રણેયનો પ્રાણ-પ્રવાહ ત્યારે વરદાન બની અવતરિત થાય છે, જ્યારે આ ત્રણેય પાછળ એક રૂપથી જોડાયેલી પ્રેરણાઓને અપનાવાય.

નામ જપનું તાત્પર્ય છે કે પરમેશ્વરને-તેના વિધાનને સામાન્ય રીતે ભૂલીએ છીએ, તેને વારંવાર સ્મૃતિપટલ પર અંકિત કરે, વિસ્મરણની અનુકંપા અને તેની સાથે જોડાયેલ સ્રષ્ટા ( ભગવાન ) ની આકાંક્ષાને સમજવાની,અપનાવવાની માનસિકતા બનાવી રાખવાનો નિત્ય પ્રયત્ન કરવો જ નામ જપનું મહત્વ અને મહાત્મ્ય છે. સાબુને રગડવાથી શરીર અને કપડા સ્વચ્છ થાય છે. ઘસાઈ-રંગાઈ કરવાથી નિશાન પડવા અને ચમકવાનો અવસર મળે છે. જપ કરનાર પોતાના વ્યકિતત્વને એ આધાર પર વિકસિત કરે

ધ્યાન જેનું કરાય છે, તેનું લક્ષ્ય માનીને તેને અનુરૂપ બનવાનો પ્રયત્ન કરવામાં આવે છે. રામ, કૃષ્ણ, શિવ, વગેરેની ધ્યાન ધારણાનો એ જ હેતુ છે કે તેઓના સ્તરની મહાનતાથી પોતાને ઓતપ્રોત કરે. પરિજન લગભગ ગાયત્રીમંત્રનો જપ એ ઉદય થતાં સૂર્યનું ધ્યાન કરે છે. ગાયત્રી અર્થાત્ સામૂહિક વિવેકશીલતા. આ પ્રક્રિયાથી જોડાવવું એ જ ગાયત્રી જપ છે. સૂર્યની બે વિશેષતાઓ સુપરિચિત છે, એક ગરમી અને બીજું તેજ. આપણે ઉર્જાવાન અર્થાત્ પ્રગતિશીલ પુરુષાર્થ પરાયણ બનીએ. જ્ઞાનરૂપી પ્રકાશથી સર્વત્ર પ્રગતિશીલતાનો અને સત્પ્રવૃત્તિઓનો વિસ્તાર કરીએ. સ્વયં પ્રકાશિત રહીએ અને બીજાને પ્રકાશવાન બનાવીએ. ગરમી અને પ્રકાશ આ પૃથ્વીના જીવનની હરક્ષણમાં-હરપળમાં ઓત-પ્રોત રહે, આ જ સૂર્ય ધ્યાનનો મુખ્ય હેતુ છે. ધ્યાનના સમયે શરીરમાં ઓજસ્, મસ્ષ્કિમાં તેજસ્ અને અંતઃકરણમાં વર્ચસ્‌ની અવિભિન્ન વર્ષા જેવી ભાવના કરી શકાય છે. આ પ્રક્રિયાને માત્ર કલ્પના કે તરંગ માનીને છોડી નહી દેવી જોઈએ. પરંતુ તેને અનુરૂપ પોતાની જાતને ઘડવાનો પ્રયત્ન પણ જીવના જોખમે કરવો જોઈએ.

પ્રાણાયામમાં નાક દ્વારા બ્રહ્માંડવ્યાપી પ્રાણતત્ત્વને ખેંચીને, ધારણ કરીને અને ઘુસેલા અશુભને બહાર ફેંકવાની ભાવના કરીએ છીએ. સંસારમાં તો સારું અને ખરાબ બધું જ ભરેલું છે, પરંતુ આપણે પોતાના માટે માત્ર દિવ્યતાની પ્રાપ્તિને જ યોગ્ય સમજીએ જે શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ઠ છે, તેને પકડવાને અને સત્તામાં પ્રતિસ્થાપિત કરવાનો પ્રયત્ન કરીએ. હંમેશા દુઃખી, દુર્બળ, કાયર અને પામર ન રહીએ, પરંતુ એવા પ્રાણવાન બનીએ કે આપણામાં અને સંર્પકક્ષેત્રમાં પ્રાણચેતનાનો વિકાસ અને વિસ્તાર કરતા રહેવામાં ડૂબેલા રહી શકીએ.

જપ, ધ્યાન અને પ્રાણાયામની ક્રિયા અને પદ્ધતિ સાધકો ઘણા જ દિવસોથી અપનાવતા આવી રહ્યા છે. કંઈક શંકા હોય, તો નજીકના કોઈ જાણકારને પૂછીને તેની ખોટને પૂરી કરી શકાય છે. આપણી યોગ્યતા

પ્રમાણે સમય તેમજ કાર્યમાં જરૂરી ફેરફાર પણ કરી શકાય છે, પરંતુ એ ભૂલી નહી જવું જોઈએ કે પ્રત્યેક કર્મકાંડોની પાછળ આત્મવિશ્વાસ તેમજ સમાજ ઉત્કર્ષની જે અભિલાષાઓ સમાયેલી છે તેને મુખ્ય માનવી જોઈએ અને તેને અંતિમ ન ગણતા પ્રેરણાથી છવાયેલી માનસિકતાને તેને આધારે સમુન્નત અને સંશોધિત કરવામાં આવે.

એક પ્રચલિત સાધનાની સાથે એ પણ જોડાયેલ છે કે ગુરુવારે થોડો હળવો ઉપવાસ કરીએ અને બ્રહ્મચર્ય પાળીએ. બંનેની પાછળ સંયમ સાધનાનું તત્ત્વજ્ઞાન સમાયેલું છે. ઈન્દ્રિય સંયમ, સમય સંયમ, અર્થ સંયમ અને વિચાર સંયમવાળી પ્રક્રિયાને જો વધવા અને ફૂલવા દઈએ તો તે ઉપર્યુક્ત જણાવેલ ચાર સંયમોને પકડી વધારેમાં વધારે કઠોર કરતા જઈને સાચા અર્થમાં તપસ્વી બનવાની સ્થિતિની નજીક ઘસડી લાવે છે. ઓજસ્વી, તેજસ્વી, મનસ્વી, બનવાના ત્રણ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કરવામાં આવેલા પ્રયત્નશીલોને જ સાચા અર્થમાં તપસ્વી કહે છે. તપની દિવ્ય શક્તિ અને સામર્થ્યથી અધ્યાત્મ ક્ષેત્રના દરેક અનુયાયી સારી રીતે પરિચિત તેમજ પ્રભાવિત થવા જોઈએ.

સ્નાન, ભોજન, શયન, મળ વિસર્જન વગેરે નિત્ય કર્મોની જેમજ, ઉપાસના અને આરાધના માટે પણ થોડો સમય નિત્ય કાઢવો જોઈએ કે જેથી જીવન લક્ષ્યને આત્મસાત્ કરવામાં ભૂલ કે આળસ પેદા ન થઈ જાય. પ્રાતઃસમયે આંખ ખોલતા જ નવો જન્મ થયો છે તેવી ભાવના કરી શકાય અને આજના સમયને સમગ્ર જીવન માનીને તે પ્રકારની દિનચર્યા બનાવવામાં આવે કે સમય, શ્રમ, ચિંતન અને વ્યવહારમાં વધારેમાં વધારે શ્રેષ્ઠતાનો સમાવેશ થતો રહે. પ્રાતઃકાલ બનાવેલી તે જ રુપરેખાને અનુરૂપ તે દિવસ પસાર થાય, જેથી આળસ અને રખડપટ્ટીની ક્યાંય શક્યતા ન રહે. એ જ પ્રકારે રાત્રે સુતી વખતે એક દિવસના જીવનનું મૃત્યું થયું છે તેમ માનવું જોઈએ અને તે દિવસની ક્રિયા-કલાપોની એક કઠોર સમીક્ષા કરવી જોઈએ કે, બજાવેલ ક્રિયાઓનું

બીજા દિવસે પ્રાયશ્ચિત કરી શકીએ અને આગળના દિવસે વધારે સાવધાનીપૂર્વક અધિક શાલીનતાનો ઉપક્રમ અપનાવી શકાય.

દાન, પુણ્ય, તીર્થયાત્રા, પરમાર્થ જેવા ધર્મકાર્યો માટે અંતરાલમાં મંદ યા તીવ્ર ઉમંગ ઉઠતી રહે છે. તેને પણ ઈશ્વરીય સંકેત, માર્ગદર્શન તેમજ સલાહ માનીને અપનાવવા માટે કંઈને કંઈ પ્રયત્ન કરવો જ જોઈએ. સમયાનુરૂપ બધાનો સમન્વય 'વિવેક-વિસ્તાર'ની એક જ પ્રક્રિયામાં કેન્દ્રિત થઈ જાય છે. જ્ઞાનયજ્ઞ, વિચાર ક્રાન્તિ, યા લોકમાનસનો પરિષ્કાર, સત્પ્રવૃત્તિ સંવર્ધન વગેરે નામોથી તેને જ વ્યાખ્યાયિત કરી શકાય છે. સમયની પુકાર, વિશ્વાત્માની મહેરબાની પણ તેને જ કહી શકાય છે. ભ્રષ્ટ ચિંતન અને દુષ્ટ આચરણે જ અસંખ્ય સમસ્યાંઓ અને સંકટોના વાદળો સર્જ્યા છે. તે બધાનું નિવારણ, નિરાકરણ માત્ર એક જ ઉપાય ઉપચારથી જ સંભવ થઈ શકે છે કે દૂરદર્શી વિવેકશીલતાનો જનમાનસમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ. ચિંતન, ચરિત્ર્ય તેમજ વ્યવહારમાં શ્રેષ્ઠતાનો વિકાસ અને અંતઃકરણમાં ભાવસંવેદના જગાડવાથી જ શક્ય બની શકે છે. આ જ આપણા સમયનો યુગધર્મ છે. કોઈ ઈચ્છે તો મહાકાળનો પડકાર અથવા દિવ્યસત્તાનું ભાવભર્યું આહ્‌વાન પણ તેને કહી શકાય છે.

## પ્રાપ્ત અનુપમ સુયોગનો લાભ લઈએ

આ હેતુ માટે કઈ મનઃ સ્થિતિ અને કઈ પરિસ્થિતિનું વ્યક્તિ શું કરે તેનું વ્યાવહારિક માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે શાંતિકુંજમાં નિરંતર ચાલતા રહેતા નવનવ દિવસના સાધના સત્રોમાંથી દર વર્ષે એકવાર યા ઓછામાં ઓછું બે વર્ષમાં એકવાર હરિદ્વાર જવા માટેની યોજના બનાવવી જોઈએ. આ ઉપક્રમને બેટરી ચાર્જ કરવાની અથવા બદલાયેલી પરિસ્થિતિઓને અનુરૂપ નવો પ્રકાશ અને નવું માર્ગદર્શન મળી રહે તેવો સુયોગ સમજી શકાય છે. આત્મ પરિષ્કારને માટે આ વિધિ ખૂબ અસરકારક સિદ્ધ થતી જોઈ શકાય છે.

જેને દેવાલય, ધર્મશાળા, સદાવ્રત, પરબ જેવા પરમાર્થ પ્રયોજન ચલાવવાની ઈચ્છા હોય, તેના માટે અત્યંત દૂરદર્શિતાથી ભરેલું હાથવગું સત્પરિણામ ઉત્પન્ન કરવાવાળું એક જ પરમાર્થ દરેક દૃષ્ટિથી ઉપર મુજબનું જોઈ શકાય છે કે તેઓ 'ચલજ્ઞાનમંદિર'નું નિર્માણ કરી શકવાનો પ્રયત્ન કરીએ. 'જ્ઞાનરથ'ના રૂપમાં તેની ચર્ચા સામાન્યતયા થતી રહે છે.

સાઈકલના અથવા રબરના નક્કર ચાર પૈડા પર મંદિરસમી આકૃતિની આ ઠેલણ ગાડીમાં ટેપરેકોર્ડર તેમજ લાઉડસ્પીકર ફરી રહેવાને કારણે તેને કોઈ પણ સ્થળે લઈ જઈએ ત્યાં સંગીત સંમેલન તેમજ પ્રાણવાન સંક્ષિપ્ત ધર્મ પ્રવચનોની શ્રૃંખલા થતી રહે છે. ચાર રસ્તા પર સભા જેવું, સરઘસ, પ્રભાત ફેરી જેવું વાતાવરણ બની જાય છે. તેમાં એકવીસમી સદીની પ્રેરણાઓથી ભરેલું સસ્તું, પરંતુ યુગધર્મનાં પક્ષનું સાહિત્ય પણ રાખી શકાય છે; જેને વિનામૂલ્યે વાંચવા આપી એ ફરી પાછું લેવાનો કાર્યક્રમ ચાલતો રાખી શકાય છે. જેને કંઈ ખરીદવાનો આગ્રહ હોય તેને તેમાં રહેલું સાહિત્ય વેચી પણ શકાય છે.

આવા ચલજ્ઞાનમંદિર તૈયાર કરવામાં લગભગ એકતોલા સોના જેટલું મૂલ્ય લાગે છે. જેને કોઈ એક યા થોડા લોકો મળીને સહેલાઈથી મેળવી શકે છે.

અસહકાર આંદોલનના દિવસોમાં કોંગ્રેસના ટોચના નેતા ખાદી પ્રચારની ઠેલણગાડી લઈને નીકળતા હતાં અને સંપર્કમાં આવવાવાળાને ઉદ્દેશ્ય સમજાવીને પૂરા ઉત્સાહની સાથે ખાદી પ્રચારમાં સામેલ કરતા હતા. આજની પરિસ્થિતિઓને અનુરૂપ 'ચલ જ્ઞાન મંદિરને' સ્વયં ફેરવીને તેવો જ પુણ્યલાભ પ્રાપ્ત કરી શકાય છે, જેવો કે વિશેષ તહેવાર પર ભગવાનો રથ ખેંચવાવાળા ભકતજન પોતાને પુણ્યફળનો અધિકારી હોવાનું માને છે. આપણા મિશને પાછલા દિવસોમાં ૨૪૦૦ જ્ઞાનપીઠો ઊભી કરી છે. હવે તેનાથી પણ કેટલાય ગણા 'ચલ જ્ઞાન મંદિર' બનાવવાની યોજના છે. તેને ગામ અને શેરીઓમાં નવ જાગૃતિનો અલખ

જગાડવાનો તદ્ અનુરૂપ યુગપરિવર્તના શંખનાદ સ્તરનો ઉદ્‌ઘોષ જેવું સમજી શકીએ છીએ.

ભગવાનને કાલાવાલા કરવાની કામનાભરી પૂજા-અર્ચના પણ લાંબસમયથી થતી આવી રહી છે. હવે આ દિવસોમાં એક વિશેષ સમય છે કે આપત્તિકાળની પરિસ્થિતિઓમાં ભગવાનની પુકાર પર ધ્યાન અપાય અને મનસ્વીપણું છોડીને મહાકાલના આમંત્રણ પર તેણે બતાવેલ માર્ગ પર ચાલી પડીએ. હનુમાન અને અર્જુને આ જ કર્યું હતું. શિવાજી પ્રતાપ, ચન્દ્રગુપ્ત, વિવેકાનંદ, વિનોબા વગેરેએ કેટલી પૂજા-અર્ચના કરી હતી ? તેના સંબંધમાં તો વધારે નહીં કહી શકાય, પરંતુ એટલું સર્વવિદિત છે કે તેઓએ દિવ્ય ચેતનાના આહ્‌વાનને સાંભળી અને તેને અનુરૂપ કાર્યશીલ બની ગયા. સંભવતઃ તેમની પૂજા ઉપાસનાની જરૂરિયાત તેઓના ઈષ્ટદેવે સ્વયં કરી લીધી હશે અને પ્રાપ્ત વરદાનોથી આ સાચા સાધકોને ન્યાલ કરી દીધા હશે. આપણે પણ તેનું જ અનુકરણ કરીએ, તો તેમાં થોડુંક પણ નુકસાન અગર ગેરલાભ થવા જેવું કશું જ નથી.

આજકાલ દિવ્ય ચેતના સેવાભાવી સજ્જનોના સમુદાયને વધારે વિસ્તૃત કરવામાં લાગી ગયેલી છે. યુગનો મત્સ્યાવતાર આજના દિવસોમાં પોતાના કલેવરને વિશ્વવ્યાપી બનાવવા માટે આકુળ-વ્યાકુળ છે. સારું છે કે આપણે પણ તેની મોટી યોજનામાં ભાગીદાર બનીએ અને આપણી મરજીની પૂજા-ઉપાસના કરીને મનગમતા વરદાનની મુશ્કેલી પર અંકુશ જ લગાવી રાખીએ.

અપેક્ષા રાખવામાં આવી છે કે આ પંક્તિઓના વાચક નર-પામરોથી ઉચે ઉઠીને, વિચારશીલતાની દૃષ્ટિથી અપેક્ષા કરતાં વધારે પરિષ્કૃત બનતા જશે. તેઓ એકથી પાંચ-પાંચથી પચ્ચીસ, પચ્ચીસથી એકસોવાળી ગુણન પ્રક્રિયા અપનાવીને, ચાર બીજા સાથી શોધે તથા તેને પોતાના પ્રયોજનમાં સહભાગી બનાવી યુગ માનવોની એક પંચાયત સ્થાપિત કરે. સમયદાન અને અંશદાન કરતા રહેવાને માટે તેઓને પણ પોતાના જેવી કર્મ પદ્ધતિ

અપનાવવા માટે સહમત કરીએ. કરવાનું તો માત્ર એક જ કાર્ય છે- 'વિવેક-વિસ્તાર'. તેના કેટલાય કાર્યક્રમો બની ચૂકયા છે. તેમાંથી કોઈ પણ પોતાની ઈચ્છાનુસાર અપનાવી શકાય છે. આત્મ પરિષ્કાર, સત્પ્રવૃત્તિ સંવર્ધન સિવાય આ દિવસોમાં જે પુણ્યપ્રક્રિયાને તેટલાજ ઉત્સાહથી અપનાવવાની શક્યતા તે છે કે એક થી પાંચની રીતિ-નીતિ અપનાવતા જઈને સમગ્ર વિશ્વને નવજીવનની વિચારધારાથી અનુપ્રાણિત કરવી. આજ ક્રમમાં આપણા જીવનનો અસાધારણ પરિષ્કાર અને વિકાસ પણ સુનિશ્ચિત રૂપથી થઈ શકશે.

❀ ❀ ❀



❀ ❀ ❀

મુદ્રક-યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા